અપીલ અરજી નં.૧૪૫ તા.૨૩–૭–૧૦/૧૧

અરજદાર:– શ્રી રમેશ કે. જાંગીડ

સામાવાળા:– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)

**ફરીયાદની હકીકત:–**

**વિષય** :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૧૪–૬–૧૦ની અરજીથી (૧)ઉધના ત્રણ રસ્તા ખાતે જે.પી.બેકરીની બાજુમાં આવેલ લોહાર ફળિયામાં હાલમાં તૈયાર થયેલ ત્રણ માળના બાંધકામની કાયદેસરતા બાબતે અત્યાર સુધીમાં આરટીઆઈ એકટ હેઠળ કે અન્ય કોઈ કેટલી અરજીઓ આવેલ છે. તેની અરજીની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. વિ.મુદ્દા નં. ૧ થી ૩ ની માહિતી આપવા બાબતે થયેલ ત્રણ માળના બાંધકામની કાયદેસરતા બાબતે અત્યાર સુધીમાં આરટીઆઈ એકટહેઠળ કે અન્ય કોઈ કેટલી અરજીઓ આવેલ છે. તેની અરજીની નકલો સહિતનીવિગતવાર માહિતી આપશો વિ.મુદ્દા નં. ૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ** :– અરજદાર મજકુરની તા.૨૩–૭–૧૦ ની **SMC/FAP/** નં.૧૪૫/૨૦૧૦–૧૧

શ્રી રમેશ કે. જાંગીડની તા.૧૪–૬–૧૦ની અરજીથી (૧) ઉધના ત્રણ રસ્તા ખાતે જે.પી. બેકરીની બાજુમાં આવેલ લોહાર ફળિયામાં હાલમાં તૈયાર થયેલ ત્રણ માળના બાંધકામની કાયદેસરતા બાબતે અત્યાર સુધીમાં આરટીઆઈ એકટ હેઠળ કે અન્ય કોઈ કેટલી અરજીઓ આવેલ છે. તેની અરજીની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. વિ.મુદ્દા નં. ૧ થી ૩ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૩–૭–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૫૦ તા.૨–૮–૧૦ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં ફી ની વિગત રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૪૦૮ તા.૧૦–૮–૧૦ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને માહિતી મેળવવા અંગે પાઠવેલ પત્ર નં.સા.ઝોન/ટેક./૩૪૨ તા.૮–૭–૧૦ ના પત્રની નકલ, અરજી ફી ભર્યાની રસીદની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૪–૬–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં. (૧) ઉધના ત્રણ રસ્તા ખાતે જે.પી. બેકરીની બાજુમાં આવેલ લોહાર ફળિયામાં હાલમાં તૈયાર થયેલ ત્રણ માળના બાંધકામની કાયદેસરતા બાબતે અત્યાર સુધીમાં આરટીઆઈ એકટ હેઠળ કે અન્ય કોઈ કેટલી અરજીઓ આવેલ છે. તેની અરજીની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. મુદ્દા નં.(૨) આ બાંધકામની આપના વિભાગે કોઈ વિકાસ પરવાનગી આપેલ છે કે કેમ? જો આપી હોય તો તેની નકલ આપશો. અને જો આપવામાં આવી ન હોય તો વિના પરમીશને ઉભા થયેલ આ બાંધકામ વિરુધ્ધ અત્યાર સુધીમાં આપના વિભાગે શી શી કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગત આપવી. મુદ્દા નં.(૩) આ બાંધકામ વિરુધ્ધ કાર્યવાહી કરવા અત્યાર સુધી ઝોનલ ઓફિસરે કે ઝોનલચીફે તેમના સ્ટાફને જેટલીવાર હુકમ કર્યા હોય તે હુકમપત્રોની નકલો સહિતની વિગત આપવી. જે બાબતે અરજદારે સમય અવધિમાં પ્રતિભાવ મળ્યો ન હોવાનું જણાવી તા.૨૩–૭–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી આપેલી પૂરક વિગતોમાં પત્ર નં.સા.ઝોન/ટેક./૩૪૨ તા.૮–૭–૧૦ થી અરજદારને માહિતી સંદર્ભે માંગવામાં આવેલી નકલોના રૂા.૧૬/– ભર્યેથી આપવામાં આવશે તેવું જણાવેલ છે. પરંતુ અરજદારે તે ભરપાઈ કરીને મેળવેલ છે કે કેમ તે અંગે કોઈ વિગતો પૂરી પાડેલ નથી તેમજ જાહેર માહિતી અધિકારી તરફથી તેવી વિગતો પૂરી પાડેલ નથી. પરંતુ જાહેર માહિતી અધિકારીએ સમય મર્યાદામાં માહિતી આપવા તૈયારી દર્શાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૪–૬–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવાની તૈયારી દર્શાવેલ હોય જાહેર માહિતી અધિકારીએ જણાવેલ નિર્દિષ્ટ કરેલ ફી ભરપાઈ કરી અરજદાર માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધકારી , (ઉધનાઝોન) ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,